# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

માહે : ઓકટોબર : ૨૦૨૬ ના ગાળામાં લેવાનાર **વિવિધ વિદ્યાશાખાની સ્નાતક સેમેસ્ટર–૫ અને અનુસ્નાતક સેમેસ્ટર–૩ તથા સ્નાતક સેમેસ્ટર–૩ કક્ષાની રેગ્યુલર અને રીપીટર** પરીક્ષાઓના આવેદનપત્રો સ્વીકારવા અંગે.

<u>પરિપત્ર ક્રમાંક :૧૨૮ /૨૦૨૬</u>

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા સને : ઓકટોબર : ૨૦૨૬ ના ગાળામાં લેવાનાર જુદી જુદી વિવિધપરીક્ષાઓના આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખો અને પરીક્ષા ફીની વિગત નીચે દર્શાવવામાં આવેલ છે. નિયત કરવામાં આવેલ તારીખે જુદી જુદી પરીક્ષાના આવેદનપત્રો નિયત ફી સાથે યુનિવર્સિટીને પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવા સબંધિત સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે

<u>નીચેની સુચનાઓ ધ્યાને લઈ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.</u>

➡ **સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓને જણાવવાનું કે પરીક્ષા ફી ના ચલણની રકમ બેંકમાં ફરજીયાત પણે <u>ચેક</u> દ્વારા જ ભરવાની રહેશે. અને છતાં પણ જે કોલેજો ધ્વારા રોકડેથી ચલણ ભરવામાં આવશે તો યુનિ. ખાતામાંથી ચુકવવાની થતી બેંક ચાર્જની રકમ જે તે કોલેજ પાસેથી વસુલવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.**

➡ **તમામ પરીક્ષાના આવેદનપત્રો જરૂરી બિડાણ સહિત વહીવટી ભવન,સંચાલન શાખા રૂમ નં : ૧૧૬, યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે જમા કરાવવાના રહેશે. જેની ખાસ નોંધ લેશો.**

– તમામ પરીક્ષાઓના રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ નીચેની Website પર ઓનલાઈન ફરજીયાતપણે ભરાવવાના રહેશે.મેન્યુઅલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

**રેગ્યુલર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ Website: <u>erp.ngu.ac.in</u> પર ભરવાના રહેશે**

**રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ Website: <u>hngu.net</u> પર ભરવાના રહેશે.**

– ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવા માટે ઉપર જણાવેલ વેબસાઈટમાં ફરજીયાત લોગીન થવાનું રહેશે, લોગીન થયા બાદ અંદર દર્શાવ્યા મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | વિગત | આવેદનપત્રો ભરવાની નવી તારીખો | નિયત ફી અને રૂા. ૫૦૦/– લેઈટ ફી સાથેઆવેદનપત્રો ભરવાની નવી તારીખો |
|---|---|---|---|
| ૧ | કોલેજ ધ્વારાવિદ્યાર્થીઓના પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ. | **16-07-2026 TO 17-08-2026** | **18-08-2026 TO 31-08-2026** |
| ૨ | વિદ્યાર્થી પાસેથી કોલેજે સ્વીકારેલ નિયત ફી બેંકમાં ચલણથી જમા કરાવવાની છેલ્લી તારીખ. | **18-08-2026 TO 24-08-2026** | **01-09-2026 TO 05-09-2026** |
| ૩ | બેંકમાં જમા કરાવેલ ફી ના ચલણની કોપી તેમજ ઓનલાઈન ભરેલ પરીક્ષાફોર્મની પ્રિન્ટ યાદીઓ ફોરવર્ડિંગ પત્ર સહિત યુનિ. માં જમા કરાવવાની છેલ્લી તારીખ. | **25-08-2026 TO 31-08-2026** | **07-09-2026 TO 10-09-2026** |
| ૪ | **➢ તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ સુધી નિયત ફી,લેઈટ ફી રૂા.૧૦૦૦/–(એક હજાર પુરા) અને ➢ તા.૦૧/૧૦/૨૦૨૬ થી નિયત ફી,લેઈટ ફી રૂા.૧૫૦૦/–(એક હજાર પાંચસો પુરા) સાથે પરીક્ષા શરૂ થવાના કામકાજના પાંચ દિવસ અગાઉની મુદત સુધી વિદ્યાર્થીઓના મેન્યુઅલ પરીક્ષા ફોર્મ તમામ ગુણપત્રકોની નકલો સાથે સ્વીકારવામાં આવશે.** | | |

| Sr. No. | Name of Exam | Date of Exam | Exam Fee | Practical Fee | Total Fee |
|---|---|---|---|---|---|
| **સ્નાતક સેમેસ્ટર–પ  કક્ષાની પરીક્ષાઓ** | | | | | |
| 1 | B.A. Semester – V | **22-10-2026** | 355 | 280 | 635 |
| 2 | Bachelor of Fine Arts Semester – V | **22-10-2026** | 1130 | --- | 1130 |
| 3 | B.COM Semester – V | **22-10-2026** | 355 | 270 | 625 |
| 4 | B.Sc. Semester – V (Govt. & Granted Colleges) | **22-10-2026** | 355 | 290 | 645 |
| 5 | B.Sc. Semester – V (Self Finance Colleges) | **22-10-2026** | 355 | 390 | 745 |
| 6 | B.B.A. Semester – V | **22-10-2026** | 1080 | 365 | 1445 |
| 7 | B.C.A. Semester – V | **22-10-2026** | 1330 | 365 | 1695 |
| 8 | BRS Semester – V | **22-10-2026** | 405 | 255 | 660 |
| 9 | BSW Semester – V | **22-10-2026** | 980 | --- | 980 |
| 10 | LL.B Semester – V | **22-10-2026** | 430 | --- | 430 |
| 11 | B.SC. Home Science Semester – V | **22-10-2026** | 355 | 265 | 620 |
| 12 | B.Design Sem-V | **22-10-2026** | 1680 | 345 | 2025 |
| 13 | M.Sc.(CA & IT) Integrated Sem –V<br>B.Sc.(CA & IT) Sem –V<br>M.Sc.(CA & IT) UG Sem –V | **22-10-2026** | 1730 | 355 | 2085 |
| 14 | B.ARCH. Sem.-V | **22-10-2026** | 1020 | --- | 1020 |
| 15 | B.A B.ED. Semester – V | **22-10-2026** | 1475 | --- | 1475 |
| 16 | B.SC B.ED. Semester – V | **22-10-2026** | 1705 | 335 | 2040 |
| 17 | Bachelor in Performing Arts Sem - V | **22-10-2026** | 500 | --- | 500 |
| 18 | Diploma in Performing Arts Sem -V | **22-10-2026** | 500 | --- | 500 |
| 19 | B.A FINE ARTS Semester – VII (Painting) | **22-10-2026** | 1140 | --- | 1140 |
| 20 | B.Architecture Semester -VII | **22-10-2026** | 1030 | --- | 1030 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | B.Design Semester –VII | **22-10-2026** | 1685 | 345 | 2030 |
| **અનુ સ્નાતક સેમેસ્ટર—૩ કક્ષાની પરીક્ષાઓ** | | | | | |
| 22 | M.A. Semester – III | **22-10-2026** | 405 | 325 | 730 |
| 23 | M.A. FINE Semester – III (Painting) | **22-10-2026** | 1250 | --- | 1250 |
| 24 | M.COM. Semester – III | **22-10-2026** | 405 | 325 | 730 |
| 25 | M.SC. Semester – III | **22-10-2026** | 620 | 360 | 980 |
| 26 | M.SC. (Pharmaceutical Chemistry) Semester – III | **22-10-2026** | 630 | 380 | 1010 |
| 27 | M.B.A. Semester – III | **22-10-2026** | 1230 | --- | 1230 |
| 28 | M.C.A. Semester – III | **22-10-2026** | 1830 | --- | 1830 |
| 29 | M.Sc.(CA & IT) Sem –IX<br>M.Sc.(CA & IT) PG Sem –III<br>(Enrollement year:2024 અને તે પહેલાના વિદ્યાર્થીઓ) | **22-10-2026** | 1740 | 370 | 2110 |
| 30 | M.ED. Semester – III | **22-10-2026** | 640 | --- | 640 |
| 31 | SP.M.ED.Semester – III | **22-10-2026** | 640 | --- | 640 |
| 32 | M.R.S. Semester – III | **22-10-2026** | 1080 | --- | 1080 |
| 33 | M.S.W. Semester – III | **22-10-2026** | 610 | --- | 610 |
| 34 | M.P.ED. Semester – III | **22-10-2026** | 1330 | 895 | 2225 |
| 35 | LL.M. Semester – III | **22-10-2026** | 530 | --- | 520 |
| 36 | MJMC Semester – III | **22-10-2026** | 1080 | --- | 1080 |
| 37 | M.SC. HOME SCI. Semester – III | **22-10-2026** | 620 | 360 | 980 |
| 38 | M.H.M. Semester-III | **22-10-2026** | 1330 | --- | 1320 |
| 39 | M.U.R.P. Semester-III | **22-10-2026** | 1630 | --- | 1630 |

| **Sr. No.** | **Name of Exam** | **Date of Exam** | **Exam Fee** | **Practical Fee** | **Total Fee** |
|---|---|---|---|---|---|
| **સ્નાતક સેમેસ્ટર—૩ કક્ષાની પરીક્ષાઓ** | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 40 | B.A. Semester – III | **22-10-2026** | 305 | 270 | 575 |
| 41 | Bachelor of Fine Arts<br>Semester – III | **22-10-2026** | 1130 | -- | 1130 |
| 42 | B.COM Semester – III | **22-10-2026** | 305 | 270 | 575 |
| 43 | B.Sc. Semester – III<br>(Govt. & Granted Colleges) | **22-10-2026** | 305 | 295 | 600 |
| 44 | B.Sc. Semester – III<br>(Self Finance Colleges) | **22-10-2026** | 305 | 395 | 700 |
| 45 | B.B.A. Semester – III | **22-10-2026** | 1080 | 370 | 1450 |
| 46 | B.C.A. Semester – III | **22-10-2026** | 1330 | 370 | 1700 |
| 47 | B.ED. Semester – III | **22-10-2026** | 540 | 270 | 810 |
| 48 | B.A B.ED. Semester – III | **22-10-2026** | 1485 | -- | 1485 |
| 49 | B.SC B.ED. Semester – III | **22-10-2026** | 1685 | 375 | 2060 |
| 50 | SP. B.ED. Semester – III | **22-10-2026** | 540 | 270 | 810 |
| 51 | BRS Semester – III | **22-10-2026** | 305 | 270 | 575 |
| 52 | BSW Semester – III | **22-10-2026** | 980 | --- | 980 |
| 53 | B.P.ED. Semester – III | **22-10-2026** | 1080 | 595 | 1675 |
| 54 | LL.B Semester – III | **22-10-2026** | 430 | --- | 430 |
| 55 | B.SC. Home Science<br>Semester – III | **22-10-2026** | 305 | 260 | 565 |
| 56 | M.Sc.(CA & IT) Integrated Sem –III<br>B.Sc.(CA & IT) Sem –III<br>M.Sc.(CA & IT) UG Sem –III | **22-10-2026** | 1730 | 380 | 2110 |
| 57 | B.Arch. Semester-III | **22-10-2026** | 1030 | --- | 1030 |
| 58 | B.Design Sem-III | **22-10-2026** | 1695 | --- | 1695 |
| 59 | Diploma In Jainalogy Semester – III | **22-10-2026** | 1030 | --- | 1030 |
| 60 | Bachelor in Performing Arts Sem- III | **22-10-2026** | 500 | --- | 500 |
| 61 | Diploma in Performing Arts Sem- III | **22-10-2026** | 1495 | --- | 1495 |
| 62 | B.A B.Ed Semester -VII | **22-10-2026** | 1495 | --- | 1495 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 63 | B.Sc. B.Ed Semester -VII | **22-10-2026** | 1495 | --- | 1495 |
| 64 | Diploma in Jyotishsaastra Semester - III | **22-10-2026** | 430 | --- | 430 |
| 65 | B.Architecture Semester -IX | **22-10-2026** | 1030 | --- | 1030 |

૧.૧ આ યુનિવર્સિટીના પરિપત્ર નં.૧૫૨/૧૨ તા.૯–૭–૧૨થી**Net / Email** થી મોકલેલ પરીક્ષાના આવેદનપત્રના નમૂના મુજબ **Online** પરીક્ષા ફોર્મ ભરીને યુનિ. કાર્યાલયમાં ૨–નકલમાં યાદી બનાવી જમા કરાવવાના રહેશે. તેમજ પરીક્ષા ફી રસીદ **Email/Website hngu.net** પર મૂકયા મુજબની વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આપવાની રહેશે.

રેગ્યુલર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ **Website: erp.ngu.ac.in** પર ભરવાના રહેશે

રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ **Website: hngu.net** પર ભરવાના રહેશે.

પરીક્ષા ફોર્મના નમૂના યુનિ.ની **Website : hngu.net** અને **www.ngu.ac.in** પર મૂકેલ છે.જે ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે.

૧.૨ રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓના ઓનલાઈન પરીક્ષા ફોર્મ ડાઉનલોડ કરવા સબંધી કોઈ મુશ્કેલી જણાય તો યુનિવર્સિટી ખાતે **સીસ્ટમ એનાલીસ્ટશ્રી**નો **ફોન નંબર ૦૨૭૬૬–૨૨૦૯૩૨ બીરેનભાઈ એકસટેશન નંબર–૨૨૦૬** તેમજ **રાજકોટ ઈનફીનીટી હેલ્પલાઈન નંબર–૭૬૦૦૮ ००७१૯ Email: sa@ngu.ac.in** પર સંપર્ક સાધી આખરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૧.૩ પરીક્ષાનાઆવેદનપત્રોમાંદર્શાવેલ કેન્દ્ર તેમજ રાખેલ વિષયમાં પાછળથી ફેરફાર કરવાનું શકય નથી.

૧.૪ કારોબારી સમિતિની તા .૪–૧–૯૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ ના નીચે દર્શાવેલ સંદર્ભે ભાગ તરફ આચાર્યશ્રીઓનું અને વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવામાં આવે છે. ઠરાવ અંગે આ કાર્યાલય દ્વારા તા. ૨૪–૧–૯૨ ના પરિપત્ર નં.પરીક્ષા/૧/૪૯૨/૧૯૯૨ અન્વયે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ નીચે મુજબ છે :

“આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજોને પરિપત્ર કરી ધ્યાન દોરવાનું કે, પરીક્ષાના આવેદનપત્રો ભરાય ત્યારે મુકિત દર્શાવવા અંગે ચોકસાઈપૂર્વક વિગત ભરવામાં નહિ આવી હોય તો પાછળથી કોઈ ફેરફાર કરવા દેવામાં આવશે નહીં, અને તેના પરિણામે વિદ્યાર્થી નાપાસ થાય તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થી અને કોલેજની રહેશે.

૧.૫ પરીક્ષાર્થીઓ જયારે આવેદનપત્રો ભરે ત્યારે માર્કશીટ મુજબ જ નામ આવેદનપત્રોમાં લખવા જણાવવું અને તેની ચકાસણી કરી લેવી. પરીક્ષાના આવેદનપત્રોમાં દર્શાવેલ કેન્દ્ર તેમજ રાખેલ વિષયમાં પાછળથી ફેરફાર કરવાનું શકય નથી.

૧.૬ સેમેસ્ટર પધ્ધતિની પરીક્ષાઓ લેવાની થતી હોઈ આવેદનપત્રોમાં વિદ્યાર્થીઓએ વિષય અંગેની અને કોડની માહિતી સ્પષ્ટ દર્શાવવાની રહેશે. તેમજ ખાસ કિસ્સામાં મેન્યુઅલ પરીક્ષા ફોર્મ સ્વીકારવાના થાય તો અગાઉ પસાર કરેલ પરીક્ષાના તમામ ગુણપત્રકની પ્રમાણિત નકલ અવશ્ય બીડવાની રહેશે. આચાર્યશ્રી ઈચ્છે તો પોતાની કોલેજના સિનિયર અધ્યાપકને પોતાની કોલેજના વિદ્યાર્થીઓના ગુણપત્રકોની નકલ પ્રમાણિત કરવાની કામગીરી સોંપી શકશે. જેમને આવી કામગીરી સોંપી હોય તેમના નામ અને સહીનો નમૂનો આવેદનપત્ર સાથે યુનિ. કાર્યાલયને મોકલી આપવા વિનંતી છે. જે અધ્યાપક નકલ પ્રમાણિત કરે તેમના હોદ્દાનો સિકકો લગાવવાનો રહેશે.

૧.૭ આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, રેગ્યુલર વિદ્યાર્થીઓના સેમેસ્ટર પરીક્ષાના આવેદનપત્રો ઉપર દર્શાવેલ નિયત તારીખો મુજબ નિયત સમયમાં **ONLINE**ભરાવીને યુનિ. કાર્યાલયમાં નિયત તારીખ સુધીમાં **Software** દ્વારા **Generate** થયેલ **CD** તેમજ કુલ ભરાયેલ વિદ્યાર્થીઓની પ્રિન્ટ યાદી સાથે નિયત ફી અને ફોરવર્ડીંગ લેટર સાથે

યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. અને ભરાયેલ ફોર્મની હાર્ડ કોપી (**Hardcopy**)પોતાના રેકર્ડ માટે કોલેજમાં રાખવાની રહેશે.

૧.૮ **<u>B.B.A., B.C.A., M.C.A., M.Sc.CA&ITપરીક્ષા ફી જમા કરાવવા અંગેની સુચના :</u>**

**યુનિ.ની B.B.A., B.C.A., M.C.A., M.Sc.CA&IT ફેકલ્ટીના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં એ.ટી.કે.ટી. ની ફી પાર્ટ પરીક્ષા તરીકે ૩–વિષય સુધી રૂા.૫૦૦/– (પાંચ સો) તેમજ ૩ થી વધુ વિષયની પરીક્ષા આપવાની થતી હોય તો આખી પરીક્ષા ગણી પ્રવર્તમાન આખી ફી ભરવાની રહેશે.(૩–વિષય સુધીની પાર્ટ પરીક્ષા આપનાર વિધાર્થીઓની સંખ્યા તેમજ હોલ (આખી) પરીક્ષા આપનાર વિધાર્થીઓની સંખ્યાની યાદી અલગ અલગ આપવાની રહેશે. તેમજપરીક્ષા ફી ના ચલણમા પણ પાર્ટ તેમજ આખી પરીક્ષા આપનાર વિધાર્થીઓની સંખ્યા પ્રમાણે ફી અલગ અલગ વિધાર્થી સંખ્યાના આધારે દર્શાવવાની રહેશે.)**

૨. <u>આવેદનપત્રો યુનિવર્સિટીમાં જમા કરાવવા અંગેની સુચનાઓ :–</u>

૨.૧ જે વિદ્યાર્થીઓનાં ડેટા ઉપલબ્ધ ન હોય તેવા વિદ્યાર્થીઓની પણ નવેસરથી એન્ટ્રી કરી એકસેલ સીટમાં જ ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરાવવાના રહેશે.

૨.૨ પરીક્ષાના આવેદનપત્રોની યાદી સાથે પરીક્ષા ફી માટે યુનિ.ની વેબસાઈટ ઉપરથી ચલણની કોપી ડાઉનલોડ કરી ચાર નકલમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાં "**<u>REGISTRAR, HEM. NORTH GUJ.UNI., PATAN (POWER JY.)</u>**" ના **<u>Account Number : 33238360265</u>** માં સીધે સીધી જમા કરાવવાની રહેશે. જેમાંથી કોલેજની ચલણ કોપી કોલેજે રાખવાની રહેશે. તેમજ યુનિ. એકાઉન્ટ શાખા અને પરીક્ષા સંચાલન શાખાની ચલણ કોપીઓ યુનિ.માં પરીક્ષા ફોર્મની યાદીઓ સાથે ફોરવર્ડીંગ લેટર સહિત જરૂરી વિગતો સાથે મોકલી આપવાની રહેશે. (બેંકમાં ફી જમા કરાવતી વખતે બેંક દ્વારા પાન નંબર દર્શાવવા જણાવવામાં આવે તો ફોન નંબર : **૦૨૭૬૬– ૨૨૧૨૬૩– ૨૨૧૩૬૩૫૨** સંપર્ક સાધવા વિનંતી.) (પાન નંબર –**AAALN0022B**)

૨.૩ **તમામ પરીક્ષાઓના રેગ્યુલર તેમજ રીપીટર (ટ્રાયલ)વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ઓનલાઈન પરીક્ષા ફોર્મની યાદીઓ અલગ અલગર–નકલોમાં મોકલી આપવાની રહેશે.**

૨.૪ઉપરોકત દર્શાવેલ જે પરીક્ષાઓમાં જે તે વિષયોની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય, તે પરીક્ષાની નિયત પ્રાયોગિક પરીક્ષા ફી મોકલવાની રહેશે. વધુમાં પ્રાયોગિક પરીક્ષા માટેના સ્થળ, તારીખ અને સમય અલગથી જાહેર કરવામાં આવશે.

૨.૫જે કોલેજમાં કાર્યકારી આચાર્ય છે તે કોલેજે કાર્યકારી આચાર્યની મંજુરીના યુનિવર્સિટીના પત્રની નકલ અવશ્ય જોડવી.

૨.૬ આર્ટસ–કોમર્સ અને આર્ટસ–કોમર્સ–સાયન્સ સંયુકત વિધાશાખાવાળી કોલેજોને આવેદનપત્રો એક જ ફોરવર્ડીંગ લેટર સાથે ન મોકલાવતાં વિધાશાખાવાર અલગ અલગ પત્ર સાથે આપવાના રહેશે.

૨.૭ **આવેદન પત્રો કોલેજના સંબંધિત કલાર્ક ધ્વારા યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. ટપાલ મારફતે મોકલેલ આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાશે નહી, જેની ખાસ નોંધ લેવી. વધુમાં જેતે પરીક્ષાના આવેદનપત્રો તથા ચલણો વડાલી સેન્ટર ખાતે કરાવવા નહી, પરંતુ યુનિવર્સિટી કાર્યાલય, પરીક્ષા વિભાગ ખાતે રૂબરૂ જમાકરાવવાના રહેશે.**

૨.૮ ઉપરોકત દર્શાવેલ પરીક્ષાઓમાં જે તે પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય, અને જે વિદ્યાર્થી પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેના પણ નિયત ફી સહિત આવેદન ફોર્મ રીપીટર તરીકે મોકલી આપવાના રહેશે.

૨.૯ ઓર્ડિનન્સ–૧૦૬માં કરેલી જોગવાઈ મુજબ અંધ વિદ્યાર્થીઓને પરીક્ષા ફી માંથી મુકિત મળેલ છે. પરંતુ તેઓએ ફકતરૂા.૧૦/–રજીસ્ટ્રેશન ફી ના આપવાનારહે છે. અંધ વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૧૦/– રજીસ્ટ્રેશન ફી અને ગુણપત્રકના રૂા.૫/– મળી કુલ રૂા.૧૫/– ફી યુનિ.ને મોકલી આપવી. વધુમાં તા : ૧૮/૦૫/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : ૦૪/૭૯/૨૦૨૦ મુજબ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા અલગ પરીક્ષા ખંડમાં કરવાની રહેશે.

૨.૧૦ કોલેજમાં કેટલીક વખત વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો છેલ્લી ઘડીએ સ્વીકારી માત્ર આવેદનપત્રમાં આચાર્યશ્રીના સહી–સિકકા કરી વિદ્યાર્થી મારફતે બારોબાર ફાઈલીંગ કર્યા સીવાય છુટા ફોર્મ મોકલી આપવામાં આવે છે, જે બરાબર નથી, આવેદનપત્ર સાથે ફી ની વિગત દર્શાવતું પત્રક અને ફોરવર્ડીંગ લેટર સાથે આચાર્યશ્રીના સહી–સિકકા કરાવી કોલેજના અધિકૃત કર્મચારી મારફત બિનચૂક મોકલી આપવાના રહેશે. અન્યથા આવેદનપત્ર સ્વીકારી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવા વિનંતી.

૨.૧૧ ઓનલાઈન દ્વારા પરીક્ષાર્થીઓએ ભરેલા આવેદનપત્રો મુજબ પરીક્ષાર્થીઓના નામોની / રાખેલ મુખ્ય વિષય/ગૌણ વિષય તથા વૈકલ્પિક વિષયના કોડ નંબર/જે વિષયોનીપરીક્ષાઆપવાની હોય તે વિષયોની માહિતી દર્શાવીને યાદી પ્રિન્ટ કરી ૨–નકલોમાં પરીક્ષા ફોર્મ સાથે મોકલી આપવાની રહેશે.

૨.૧૨ આ યુનિવર્સિટીની કારોબારી સમિતિનીતા.૨૦–૦૮–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૬૪ અન્વયે લીધેલ નિર્ણયના અનુસંધાનમાં તા.૧૯–૦૯–૨૦૧૫ ના જા.નં.એકે/પ્રવેશ/૩૭૭૬/ ૨૦૧૫ થી પરિપત્ર ક્રમાંકઃ૧૩૩/૨૦૧૫ ની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓનું સ્નાતક કક્ષાનું એનરોલમેન્ટ છ વર્ષથી જુનું હોય / અનુસ્નાતક કક્ષાનું રજીસ્ટ્રેશન ચાર વર્ષથી જુનું હોય તેવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન રદ થવા પાત્ર હોઈ, આવા વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો ભરીને મોકલવા નહી, કે અભ્યાસક્રમમાં આગળ પ્રવેશ ચાલું રાખવો નહી. આ વિદ્યાર્થીઓએ સ્નાતક / અનુસ્નાતક કક્ષાએ નવેસરથી એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન કરાવી સેમેસ્ટર – ૧ થી નવેસરથી અભ્યાસ કરવાનો રહેશે.

૨.૧૩ જે વિદ્યાર્થીઓ કોલેજો ધ્વારા લેવાતી ઈલેકટીવ જનરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કીલ / ઈન્ટર ડીસીપ્લીનરી જેવા વિષયોની પરીક્ષામાં નાપાસ હોય અને બાકીના તમામ વિષયમાં પાસ હોય તો તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો પણ ભરાવવાના રહેશે. ત્યારબાદ જે તે વિદ્યાર્થીના નવા બેઠક નંબર સામે કોલેજ આંતરીક ગુણાંકન શીટમાં ઈલેકટીવ જનરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કીલ / ઈન્ટર ડીસીપ્લીનરી વિષયના નવા ગુણ અને ગ્રેડ અચુક દર્શાવવાના રહેશે.

૨.૧૪ યુનિ.એ નિયત કરેલ તારીખ પછી આવેલા આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. તે બાબતની સંબધિત કોલેજોના સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

## ૩. <u>પ્રાયોગિક પરીક્ષા અને ફી અંગેની સુચનાઓ :–</u>

### ૩.૧ <u>વિજ્ઞાન પ્રવાહની કોલેજોને પ્રાયોગિક પરીક્ષા ફી જમા કરાવવા અંગેની સુચના :</u>

સ્વવિત્ત ધોરણે ચાલતી વિજ્ઞાન પ્રવાહની કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોમાં સ્વવિત્ત ધોરણે ચાલતા વર્ગોના વિધાર્થીઓની લેખિત પરીક્ષા ફી ઉપરાંત પ્રાયોગિક પરીક્ષા ફી પ્રતિ વિધાર્થી દીઠ <u>રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પૂરા)</u> લેખે પરીક્ષાના આવેદનપત્રો સાથે જમા કરાવવાની રહેશે.

ગ્રાન્ટેડ કોલેજોના વધારાના સ્વવિત્ત ધોરણે ચાલતા વર્ગોની વિધાર્થી સંખ્યાની યાદી તેમજ ગ્રાન્ટેડ જોડાણના વિધાર્થીઓની યાદી પરીક્ષા ફોર્મ સાથે અલગ અલગ ચલણથી અલગ અલગ ફી જમા કરાવવાની રહેશે.

૩.૨ માર્ચ–જૂન–૨૦૧૬ થી પરફોર્મીગ આર્ટસની જુદી જુદી પરીક્ષાઓની પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે યુનિ.મા જમા કરાવવાની રહેશે નહિ. ફકત થીયરી પરીક્ષાની ફી જ જમા કરાવવાની રહેશે, તથા પ્રાયોગિક પરીક્ષા કોલેજે લેવાની રહેશે, અને પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે પોતાની પાસે જમા રાખી તેમાથી ખર્ચ કરવાનો રહેશે.જેના પ્રાયોગિકખર્ચના બીલો યુનિ.મા મોકલવાના રહેશે નહિ.

## ૪. <u>આંતરીક ગુણાંકન અંગેની સુચનાઓ :–</u>

૪.૧ સદર લેવાનાર જૂદી–જૂદી પરીક્ષાઓનાઆંતરિક ગુણ રીઝલ્ટ સેન્ટરના ઈ–મેઈલ એડ્રેસ<u>internal@ngu.ac.in</u>પર **યુનિવર્સિટીની પરીક્ષાઓ પૂર્ણ થાય તે પહેલા અવશ્ય મોકલી આપવાના રહેશે**, અન્યથા પરીણામ સંબંધી જે સમસ્યા ઉપસ્થિત થાય તેની જવાબદારી જે તે કોલેજની રહેશે.રેગ્યુલર અને રીપીટર બંને પ્રકારના પરીક્ષાર્થીઓના આંતરીક ગુણ મોકલવામાં આવે તેની કાળજી લેવા વિનંતી છે.

૪.૨ યુનિવર્સિટી કક્ષાએ જેઈલેકટીવ જનરીક / ફાઉન્ડેશન / સોફટ સ્કીલ / ઈન્ટર ડીસીપ્લીનરી તે વિષયોની લેખીત પરીક્ષા લેવાની થતી ન હોય તેમજ તેનું મૂલ્યાંકન કરાવવાનું થતું ન હોય જે તે વિષયોના ગુણ (માર્કસ) કોલેજના આંતરીક ગુણાંકના પત્રકમાં ગ્રેડ સહિત યુનિવર્સિટીમાં મોકલી આપવાના રહેશે. અન્યથા પરીણામ

સબંધી જે કંઈ જવાબદારી ઉપસ્થિત થાય તેની સઘળી જવાબદારી જે તે કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ ભવનના અધ્યક્ષશ્રીઓની રહેશે.

૪.૩ કેટલાક પરીક્ષાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષા આપી તેમાં જરૂરી પાસીંગ માર્કસ મેળવવા છતાં પરંતુ નિયમોનુસાર આંતરીક પરીક્ષામાં ૫૦ % થી વધુ વિષયમાં નાપાસ થતા વિદ્યાર્થીઓ પરીક્ષા પ્રવેશ પાત્રતા નહી ધરાવતા હોવાથી તેઓના પરીણામ યુનિ.દ્વારા રદ **(CANCELLED)** કરવામાં આવે છે. તો કોલેજ દ્વારા આવા વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા (રીટેસ્ટ) લઈ જરૂરી પાસીંગ આંતરીક ગુણ યુનિવર્સિટીની પરીક્ષા શરૂ થાય તે અગાઉ મોકલી આપવા યુનિ.સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતકના અધ્યક્ષશ્રીઓ ને જણાવવામાં આવે છે.

૪.૪ **આંતરિક ગુણ ઓવરરેન્જ મુકેલ હશે તો તે કોલેજનું પરીણામ અનામત રાખવામાં આવશે જેની નોંધ લેવી.**

**૫. અગત્યની સુચનાઓ :–**

૫.૧ **સ્નાતક, અનુસ્નાતક, સર્ટીફિકેટ તેમજ ડીપ્લોમાંની જૂદી–જૂદી પરીક્ષાઓના છેલ્લા સેમે.માં પ્રતિ આવેદનપત્ર દીઠ ડીગ્રી સર્ટીફિકેટ ફી પેટે રૂા.૨૦૦/–(રૂપિયા બસ્સો પૂરા) પરીક્ષા ફી સિવાય આવેદનપત્ર દીઠ અલગથી પરીક્ષા ફી સાથે ચલણથી યુનિવર્સિટીના ઉપરોકત દર્શાવેલ ખાતા નંબરમાં ચલણ કોપીથી જમાં કરાવવાના રહેશે.પરંતુ છેલ્લા સેમેસ્ટરમાં પુનઃ રીપીટર તરીકે જે વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓએ પદવી પ્રમાણપત્ર ફી ભરવાની રહેશે નહી.**

૫.૨ પરીક્ષા કાર્યક્રમો, વિદ્યાર્થીઓની યાદી, પરિપત્રો, જાહેરનામા, હાજરીપત્રક અને જરૂરી સૂચનાઓ આ યુનિવર્સિટીની**Web-site** **www.ngu.ac.in**પર જાહેર કરવામાં આવશે. તેના ઉપરથી વખતોવખત કોલેજની જરૂરીયાત મુજબ પ્રિન્ટ મેળવીને વિદ્યાર્થીઓની જાણ માટે નોટીસ બોર્ડ ઉપર મૂકવા વિનંતી. તેમજ કોલેજોના**Email**પર નિયમિત જોતા રહેવા વિનંતી.

૫.૩ જુદી જુદી પરીક્ષાઓમાં વિધાર્થી સંખ્યા તેમજ કોલેજોની ભૌતિક પરિસ્થિતિ વિગેરેને ધ્યાને લઈ અનિવાર્ય સંજોગોના કારણે લેખિત પરીક્ષાના કેન્દ્રો ફેરફારને આધિન રહેશે.

૫.૪ **કેન્ડીડેટ લીસ્ટમાં વિધાર્થીના નામ / અટક અને વિષયની કોઈ ભુલ હોય તો તે કોલેજોએ પરીક્ષા શરૂ થાય તે પહેલા પહેલા વિધાર્થીઓના હિતખાતર ઓનલાઈનજરૂરીસુધારોઅચૂકકરાવીલેવાનો રહેશે.**

જા.નં. રી.સે./પરીક્ષા/૩૬૬૪/૨૦૨૬
હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ – ૩૮૪ ૨૬૫
તારીખ : ૦૭/૦૭/ ૨૦૨૬

**(મિતુલ એમ. દેલીયા)**
**પરીક્ષા નિયામક**

**પ્રતિ,**

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન તમામ વિધાશાખાઓની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૨. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૩. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

૧. કુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિ., પાટણ તરફ જાણ સારૂ

૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ

૪. ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓ

૫. સચિવશ્રી, ગુજરાત હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટીફિકેટ એકઝામીનેશન બોર્ડ, ગાંધીનગર
૬. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત એસ.એસ.સી. બોર્ડ, વડોદરા
૮. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૯. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૧૦. હેડકલાર્ક – ખાનગી શાખા (પરીક્ષા)
૧૧. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૧૨. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ યુનિ.ની**Web-site**પરદરેક કોલેજોનેમોકલવા કાર્યવાહી સારું.